# ગ્રાહક સંભાળ એક્ઝિક્યુટિવ (કસ્ટમર કેર એક્ઝિક્યુટિવ)

ગ્રાહક સંભાળ એક્ઝિક્યુટિવ તેમની કંપનીના ગ્રાહકોને વેચાણ પછીની સેવા પ્રદાન કરવા માટે જવાબદાર છે. તેઓ ગ્રાહકો દ્વારા રજૂ કરવામાં આવતા કોઈપણ પ્રશ્નોનું અસરકારક રીતે નિરાકરણ કરે છે.



## વ્યક્તિગત નિપુણતા

- તમને લોકોની સમસ્યાઓ ઉકેલવામાં મદદ કરવાનો પ્રયાસ કરવો ગમે છે
- તમારી એક કુશળ સંવાદકર્તા છો તેમજ લેખિત અને મૌખિત વાતચીતનું કૌશલ્ય ધરાવો છો.
- તમે ઉર્જાવાન, વિનયી અને વિવિકી છો.
- તમને વ્યવસ્થિત તેમજ શિસ્તબદ્ધ રીતે કામ કરવાનું પસંદ છે.

ફી

આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૨,૯૯૯ થી ૧,૨૦,000* જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈ પણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. કોઈ પણ વિદ્યાશાખામાં સ્નાતકની ડિગ્રી મેળવો. અથવા

કસ્ટમર કેર મેનેજમેન્ટમાં ડિપ્લોમા કરો → ગ્રાહક સેવા / ગ્રાહક સંભાળ સેવાઓને વિકસિત કરવી અને જાળવણી કરવી / ગ્રાહક સંભાળ એક્ઝિક્યુટિવને લગતા વિષયમાં એડવાન્સ ડિપ્લોમા કરો. અથવા

કોઈપણ વિષયમાં સ્નાતક પૂર્ણ કરો → ગ્રાહક સંભાળ અને સેવા પર પ્રમાણપત્ર કોર્સ પસંદ કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

* અહી આપેલ આંકડા એન.સી.એસ.માંથી લેવામાં આવ્યા છે અને તે ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

એક ગ્રાહક સંભાળ એક્ઝિક્યુટિવનું માસિક વેતન રૂ. ૧૦,000 થી ૩૨,000* જેટલું હોય છે.

સ્ત્રોત: https://www.payscale.com/re- search/IN/Job-Customer_Care_Execu- tive/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** વિવિધ કંપનીઓના કોલ સેન્ટર

**કાર્યસ્થળનું વાતાવરણ:** આ એક ડેસ્ક જોબ છે. તમારે ટીમને સંભાળવાની રહેતી નથી. સ્થાનિક મુસાફરી તમારી કામગીરીનો ભાગ નથી. પાર્ટ-ટાઈમ તેમજ કરાર આધારિત રોજગારી ઉપલબ્ધ છે. સંસ્થાઓ સામાન્ય રીતે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ દરરોજ ૮ થી ૯ કલાક કામ કરે છે. સંસ્થા મુજબ તેમાં ફેરફાર થઈ શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

કસ્ટમર કેર એક્ઝિક્યુટિવ → કસ્ટમર કેર સિનિયર એક્ઝિક્યુટિવ → આસિસ્ટન્ટ મેનેજર → મેનેજર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

કસ્ટમર સર્વિસ એક્ઝિક્યુટિવ, કસ્ટમર સપોર્ટ એક્ઝિક્યુટિવ, કસ્ટમર કેર રિપ્રઝેન્ટેટીવ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**નીચેની સંસ્થાઓ ગ્રાહક સંભાળ અને સેવામાં તાલીમ આપે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. એ.આઈ.આઈ.પી.પી.એચ.એસ. યુનિવર્સિટી, નવી દિલ્હી
૨. ગુજરાત યુનિવર્સિટી (સર્ટિફિકેટ કોર્સ)

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા કૃપા કરીને તપાસ કરો કે સંસ્થા યુજીસી સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે.)

૧. અરુણોદય યુનિવર્સિટી, અરુણાચલ પ્રદેશ
૨. નિરમા યુનિવર્સિટી, અમદાવાદ
૩. ફોર્ચ્યુન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ ટેકનોલોજી, ગુજરાત
૪. એમઆઈસીએ, અમદાવાદ
૫. મદ્રાસ ઈન્સ્ટિટ્યુટ ઑફ રિટેલ મેનેજમેન્ટ, ચેન્નાઈ
૬. ઈન્ડિયન સ્કૂલ ઓફ બિઝનેસ મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન, મુંબઈ
૭. ઈન્સ્પાયર ટ્રેનિંગ એકેડમી, ચેન્નાઈ
૮. અક્સા ઈન્ટરનેશનલ, ગ્વાલિયર
૯. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનિકલ એન્ડ મેનેજમેન્ટ સ્ટડીઝ, નાગપુર
૧૦. મેપલ્સ ઇન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ એર હોસ્ટેસ ટ્રેનિંગ, ગુજરાત

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in
- mybharat.gov.in
- www.skillindiadigital.gov.in

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ




## સાફલ્ય ગાથા

**સૌરભ સૂદ** એક ઉદ્યોગસાહસિક અને નેચર હોમ્સના સ્થાપક છે, જે લાકડાના મકાનો બનાવે છે. તેમણે દિલ્હી યુનિવર્સિટીમાંથી કમ્પ્યૂટર સાયન્સમાં સ્નાતકની પદવી પ્રાપ્ત કરી છે. શ્રી સૂદની ઉંમર ૩૩વર્ષ છે, તેમણે ૨૦૦૯માં કોલ સેન્ટર એક્ઝિક્યુટિવ તરીકે ઈન્ટેલનેટ ગ્લોબલ સર્વિસીસ સાથે પોતાની કારકિર્દીની શરૂઆત કરી. તેમની કંપનીનું વર્તમાન ટર્નઓવર રૂ. ૧.૫ કરોડ છે.*

સ્રોત:https://www.theweekendleader.com/Success/2871/woody-worth.html

ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.